



સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરની સર પ્રતાપ જનરલ હોસ્પિટલ ખાતે વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના હસ્તે જન ઔષધિ સ્ટોરને સોમવારે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જરૂરીયાત મંદ દર્દીઓને મળનાર રાહત દરે મળનાર દવાઓ અંગે જાણકારી આપતા વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર ધ્વારા ગરીબ લોકો માટે મા અમૃત્તમ, વાત્સલ્ય કાર્ડ સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે તેમાં દર્દીઓને સારવાર તો મળી જ રહે છે પરંતુ સાથો સાથ ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ મળી રહે તે માટે દેશના પ્રધાનમંત્રીએ જન ઔષધિ સ્ટોર શરૂ કરીને ગરીબ લોકોની લાગણી પ્રત્યે સરકારે સંવેદના વ્યકત કરી છે. મેડિકલ સુપ્રિન્ટેડેન્ટ જયંત ઉપેરીયા તથા મેડિકલ કોલેજના ડિન દિપક મહેતાએ પ્રાસગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમમાં 'બાલ સંસ્કાર' મેગેઝીનનું વિમોચન કરવામાં આવ્યું હતું. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ નીલાબેન પટેલ, સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, અગ્રણી કૌશલ્યાકુંવરબા, જિલ્લા સમાહર્તા પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.



## મોડાસાની રવિવારી બજારમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થવાથી કાગડા ઉડ્યા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્યમાર્ગ અને ચાર રસ્તા નજીક આવેલા નગર સેવા સદનના ભોંયતળીયામાં ભરાતી રવિવારી બજારમાં ઘરાકીને જાણે સાપ સુંઘી ગયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. મોડાસાની રવિવારી બજારમાં જિલ્લાના તેમજ તાલુકાના ગામડાઓમાંથી ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગીય લોકો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં સસ્તા ભાવે ચીજવસ્તુઓ અને કપડા ખરીદવા ઉમટી પડે છે. પરંતુ એકાએક કેન્દ્ર સરકાર અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મંગળવારે રાત્રીએ ૮ વાગ્યાના સુમારે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ બંધ થવાની સાથે જ પ્રજાજનો અને વેપારી વર્ગની હાલત કફોડી બની હતી. પ્રજાજનો પાસે ધન તો છે પરંતુ નકામી નોટો બની જતા અને વેપારીવર્ગ દ્વારા રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ ખરીદવાનો ઈનકાર કરતા મંદીની મહોર લાગી ગઈ છે. રવિવારી બજારમાં પથારૂ નાખીને બેસતા એક વેપારીના જણાવ્યા અનુસાર દર રવિવારે મોડાસામાં રૂ. ૧૫૦૦૦થી વધુનો વકરો થતો હોય છે અને અત્યારે દિવાળી વેકેશનના પગલે ખરીદી વધવાની સંભાવનાના પગલે વધુ માલ-સામાન અને કપડાની ખરીદી કર્યા બાદ રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ બંધ થવાથી ઘરાકી ન થતા જીવન નિર્વાહ ચલાવવો મુશ્કેલી પેદા થઈ છે. સવારથી અત્યાર સુધી રવિવારીમાં કરફયુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

# તલોદ તાલુકાના ભાજપ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો



તલોદ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ સબયાર્ડ ખાતે શનિવારે સાંજે સ્નેહમિલન કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના સાંસદ દિપસીંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ તથા રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહજી ચૌહાણ સહિત તમામ કાર્યકરો આગેવાનો ઘણી જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના હોદ્દેદારો એકબીજાને ગળે મળી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે દેશ-વિદેશો અને દુશ્મનો પણ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને હિરો ગણાવી રહ્યા છે. અને માને છે ત્યારે કોંગ્રેસ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક હોય ચલણી નોટો કે વિકાસ કાર્યો બધાયમાં દુનિયાભરમાં થતી પ્રસંશનિય કામગીરી પણ તેમને અવળી ગંગા દેખાય છે તેવા આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

તલોદના હરસોલ સબ યાર્ડમાં તલોદ તાલુકાના ભાજપ દ્વારા સ્નેહ મિલન ધામધુમથી યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, પૂર્વ કાયદામંત્રી વિ.ડી. ઝાલા, માર્કેટયાર્ડના ચેરમેન ગજેન્દ્રસિંહ પરમાર, કૌશલભાઈ ગજ્જર, અશોકભાઈ શાહ, હિતેશભાઈ પટેલ, તખતસિંહ હડીયોલ, અશોકભાઈ જોષી, પાલિકા પ્રમુખ રંજનબેન પટેલ, વિનુભાઈ ચૌહાણ, પ્રવિણકાકા, ઉપેન્દ્રભાઈ ગજ્જર સહિત અનેક હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવા વર્ષની એકબીજાને મળી શુભકામના પાઠવી હતી.

સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, પૂર્વમંત્રી વિ.ડી. ઝાલા તથા જે.ડી. પટેલ તમામ ભાજપના અગ્રણી આગેવાનોને શુભ કામના પાઠવતાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને યાદ કરી કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે દેશ અને વિદેશોમાં પણ ભારતના વડાપ્રધાનની કામગીરી બિરદાવાયા છે અને દુશ્મન દેશો પણ હિરો તરીકે આપણા વડાપ્રધાનને માને છે જ્યારે કોંગ્રેસ વિકાસ કાર્યોમાં રોડા નાખી દેશમાં ખોટા વિરોધ પ્રદર્શનો કરી નિષ્ફળતા મેળવવાનું કામ કરે છે તેમનાથી દેશની વધતી પ્રગતિ જોવાતી નથી અને નવરા માણસોને આના શીવાય બિજું કોઈ કામ હોતુ નથી તેમ કહી કોંગ્રેસ પર પ્રહારો કરાયા હતા.

# ડીસામાં ૫૦૦-૧૦૦૦ની નોટો લઈ આવેલ મહિલાનું ઓપરેશન ન થયું

ડીસા, તા.૧૪

૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થતા આર્થિક વ્યવહાર કરવામાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ડીસામાં નોટોની રામાયણને કારણે ગર્ભાશયની બિમારીથી પિડીત એક મહિલાને

**ડોક્ટરે ૫૦૦-૧૦૦૦ની નોટો ન સ્વીકારતા ગર્ભાશયના ઓપરેશન માટે આવેલ મહિલાને ઓપરેશન વિના પરત ફરવું પડ્યું**

ઓપરેશન વિના જ પરત ફરવું પડ્યું હતું.

ડીસા-પાટણ હાઈવે રોડ પર આવેલી પુરગ્રસ્ત કોલોનીમાં રહેતા અને મુળ અમદાવાદના વતની ગીતાબેન ધર્મેન્દ્રભાઈ લોધા નામની મહિલાને ગાયનેક ડોક્ટરને ત્યાં



ગર્ભાશયની દવા ચાલતી હતી. જો કે તા. ૧૦/૧૧/૨૦૧૬ના રોજ ઓપરેશન કરવાનું હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે ત્યાંના ડોક્ટરે દર્દીના સગાને જણાવ્યું હતું કે સારવારના બીલ પેટે રૂા. ૫૦૦ કે ૧૦૦૦ની નોટો ચાલશે નહી. આથી દર્દીના સગાઓને ભારે કફોડી હાલતમાં મુકાવું પડ્યું હતું. જો કે અન્ય નોટોનો બંદોબસ્ત ન થતાં ગીતાબેન લોધાને ઓપરેશન વિના પરત ફરવું પડ્યું હતું. જો કે આ બાબતે મહિલાના પતિ ધર્મેન્દ્ર લોધાએ જણાવ્યું હતું કે ડોક્ટરે સારવારનો ચાર્જ ઉધાર રાખવાનું જણાવ્યું હતું. પરંતુ ડોક્ટરે જણાવ્યું હતું કે બીલ બાકી રાખીશ. પરંતુ શીશી સુધાડવા વાળો રૂા. ૧૦૦૦ અને ૫૦૦ની નોટો લેશે નહી અને તેનો ચાર્જ પણ બાકી રાખશે નહી. આથી ના છુટકે મારી પત્નિનું ઓપરેશન ડૉ. ગાયનેકના હોસ્પિટલમાં ન થઈ શકતા અમારે આખરે ઓપરેશન વિના જ પરત ફરવું પડ્યું હતું. આમ ૧૦૦૦ અને ૫૦૦ની નોટ બંધ થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં વેપારીઓની સાથે તબીબો પણ માનવતા ભૂલી રહ્યા છે.

## છેલ્લા ૪ દિવસમાં પાલનપુર નગરપાલિકામાં ૭૮ લાખથી વધુ આવક : બાકીદારોએ એડવાન્સ ટેક્સ પણ ભરપાઈ કર્યો

પાલનપુર, તા. ૧૪

પાલનપુર નગરપાલિકામાં કરોડો ની બાકીવેરાની વસુલાત માટે પાલિકા એ બાકીદારોને મિલકત સીલ કરવાની નોટિસ તેમજ કાયદેસર ની કાર્યવાહી ની ચીમકી આપવા છતાં પણ બાકીદારોના પેટનું પાણી હલતું ન હતું પરંતુ ૮ નવેમ્બરે મોદી સરકારે જૂની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો પર બંધ કરવાનો આદેશ કરતા હવે પાલિકામાં જૂની નોટો લેવામાં આવતી હોવાથી શહેરના બાકીદારો પોતાની નૈતિક ફરજ સમજીને પાલિકામાં સામે થી વેરાની બાકી રકમ લાઈન માં ઉભા રહીને ચૂકવી રહયા છે છેલ્લા ૪ દિવસ માં પાલનપુર નગરપાલિકામાં ૭૮ લાખ થી વધુ માતબર રકમ ની આવક વેરા વસુલાત વિભાગ માં જમા થઈ છે જો કે કેટલાક લોકો એડવાન્સ માં પણ વેરા વિભાગમાં પોતાની રકમ જમા કરાવી રહયા છે છેલ્લા કેટલાય વર્ષો થી આર્થિક રીતે તળિયે ગયેલી પાલનપુર નગરપાલિકાને મોદીના આ નિર્ણયથી સારી એવી આવક થતા પાલિકા આર્થિક રીતે સધ્ધર થઈ રહી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે પાલિકા માં બેઠેલા ભાજપના સત્તાધીશો કેવી રીતે વહીવટ કરશે તેના પર સૌની નજર છે.

# ડીસામાં બે બાળકને ડેન્ગ્યુ : એક સારવારમાં બીજાને રજા અપાઈ

ડીસા, તા.૧૪

ડીસા શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જેમાં રાજપુર લોધવાસનો ચાર વર્ષનો એક બાળક સારવાર લઈ રહ્યો છે. જ્યારે એક બાળકને સારવાર બાદ રજા અપાઈ ચુકી છે.



પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રકારના રોગચાળાએ માથુ ઉંચક્યું છે. જેમાં સ્લમ વિસ્તાર એવા રાજપુર લોધવાસમાં વારંવાર ડેન્ગ્યુ જેવા રોગો માથુ ઉંચકી રહ્યા છે. જેમાં એક ચાર વર્ષના કાર્તિક વિજયભાઈ લોધા નામના બાળકને ડેન્ગ્યુનો રીપોર્ટ આવતા હાલમાં શહેરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. ઢુવા રોડ પર ફાર્મ હાઉસમાં રહેતા મુકેશભાઈ લોધાના પુત્ર રોહીત (ઉ.વ.૧૩)ને પણ ડેન્ગ્યુ થતા એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે હાલમાં તેને રજા આપી દેવાઈ છે. આમ ડીસા શહેરમાં વારંવાર જીવલેણ રોગો માથુ ઉંચકી રહ્યા છે. તંત્ર દ્વારા આ બાબતે જાગૃત બની રોગચાળાને ડામવા આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# કાંકરેજના તાણા ચામુંડા માતાજીના મંદિરે સમસ્ત દરજી સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૧૩

કાંકરેજ તાલુકાના યાત્રાધામ તાણા મુકામે ચામુંડા માતાજીના મંદિર પટાંગણમાં કાંકરેજ તાલુકા સમસ્ત દરજી સમાજનો સ્નેહ મિલન

**તાણા મુકામે કાંકરેજના દરજી સમાજનો સ્નેહ મિલન સાથે સરસ્વતી સન્માન સમારોહ યોજાયો : રાજકિય આગેવાનોની હાજરી**



સાથે તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ૨૮૦ જેટલા યુવાન-યુવતીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આમંત્રીત મહેમાનો કેશાજી ચૌહાણ (મંત્રી ગુજરાત રાજય સરકાર), કિર્તીસિંહ વાઘેલા (પ્રદેશ મંત્રી કિસાન મોરચો), ડૉ. દિપકભાઈ દરજી (શિક્ષણ અધિકારી પાલનપુર), મનુભાઈ દરજી, ડાહ્યાભાઈ દરજી, ભારતસિંહ ભટેસરીયા, અણદાભાઈ પટેલ, ડાહ્યાભાઈ પિલીયત, મફાજી સોલંકી, મુકેશભાઈ દરજી (સીઆરસી) સહિત મોટી સંખ્યામાં દરજી સમાજના દાતાઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં ભોજનના મુખ્યદાતા પ્રભુભાઈ નરસિંહભાઈ દરજી મુળ રે. થરા (હાલ સુરત) ઈનામના દાતા દરજી હરગોવનદાસ કાળીદાસ વાલપુરાવાળા આમ તાણા મુકામે સંતો મહંતો અને રાજકિય આગેવાનો સહિત મોટી સંખ્યામાં દરજી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



હિંમતનગરના પુનાસણ ગામે આવેલા સ્થિત જયશ્રી ગ્રામ ઉધોગ સેવા મંડળ ખાતે શિતોરીયુ કરાટે એસોશિએશન ધ્વારા એક સપ્તાહનો કરાટે અને યોગ નિદર્શનની તાલીમ યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજય કરાટે એસોસિએશનના સેક્રેટરી જુજારસિંહ વાધેલા અને અસોસિએશન ગેમ પ્લેયર અશોકસિંધ સર, પંતજલિ સંસ્થાનના યોગગુરૂ પ્રતિકભાઈ, સંસ્થાના મંત્રી ઈન્દુબેન પ્રજાપતિ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

## મોહનપુર જાગા સ્વામી સમાજનું સ્નેહમિલન યોજાયું

હિંમતનગર, તા. ૧૪

મોહનપુર જાગા સ્વામી સમાજનો સ્નેહ સંમેલન કાર્યક્રમ હિંમતનગરના તલોદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ તા. ૬ના રોજ સમાજના પ્રમુખ ઘનશ્યામભાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સમાજ સૌ સભ્યોએ અરસપરસ નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા તેમજ સમાજના તેજસ્વી તારલાઓને સ્મૃતિ ભેટ આપી હતી તથા સમાજના વયોવૃદ્ધ સભ્યોને શાલથી સન્માનિત કર્યા હતા. સમાજના નિવૃત્ત થતા કર્મચારીઓને સરકારી નોકરીમાં નવ નિયુક્ત થયેલા યુવક-યુવતીઓ અને ડૉ. આકાશદિપ બી. પરમાર કે જેઓ સ્ત્રીરોગના નિષ્ણાંત છે તેમનું પણ ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતુ.

આ વર્ષે સમાજના યુવક-યુવતીઓનો સમુહ લગ્નોત્સવનું પણ આયોજન કરવાનું નક્કી કરેલ છે જેના પ્રમુખ તરીકે વસંતભાઈ ચૌહાણને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે હાજર રહેલા તમામ સભ્યોનો પણ આભાર વ્યક્ત કરી સભાનું કામકાજ પૂર્ણ કરાયું હતુ અને અંતે સૌએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી.

# રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કાર્તિકીના ભવ્ય લોકમેળામાં ભક્તોનો મહેરામણ ઉમટ્યો

**ભાવિકો મેશ્વો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃઋણથી મુક્ત થઈ ધન્ય બન્યાં**

મોડાસા તા.૧૪

આજે કારતક સુદ પૂનમના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમ દર વર્ષની આ વર્ષે પણ હૈયે હૈયું દળાય તેવી ભીડ જામી હતી. ભરાય છે મેળામાં



રાજસ્થાન ગુજરાત મધ્યપ્રદેશ થી લાખો ભક્તો કાળિયા ઠાકોર ના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને જિલ્લા અને રાજયભરમાથી ખૂબ મોટો ભકત સમુદાય ઉમટી પડી કાળિયા ઠાકરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રાધામ શામળાજીમાં આવેલ નાગધરા કુંડમાં સ્નાનનું આગવું મહત્વ છે આસપાસનો આદિવાસી અને રાજસ્થાનથી આવતા શ્રદ્ધાળુઓ ચૌદશ ના દિવસે રાત્રી જાગરણ કરી પૂનમ ના દિવસે સવારે નાગધરા કુંડમાં સ્નાન કરે છે અહીં આ કુંડ માં સ્નાન કરવાથી તેમના ગત થયેલા પિતૃઓને મોક્ષ મળેછે એવી વર્ષો પુરાણી માન્યતા રહેલી છે નાગધરા કુંડ પાસે પૂજારીઓ દ્વારા પૂજાવિધિ કારાવેછે આજના દિવસે ભક્તો પૂજાવિધિ દ્વારા ભૂત પ્રેત વળગાડ વગેરે દૂર થાય છે એવી માન્યતા રહેલી છે જેને લઈ આજે પણ વહેલી સવારથી જ આ કુંડમા શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી પરંપરાગત સ્નાન કર્યું હતુ.

કારતક મહિનામાં ભારતભરમાં ચાર સ્થાનો પર કાર્તિકીના ચાર મેળા યોજાય છે તેમાનો એક યાત્રાધામ શામળાજીમાં યોજાય છે .આજે વહેલી સવાર થિ જ દુરદૂરથી લાખો ભક્તો ભગવાન કાળિયા ઠાકોર ના દર્શને આવેછે અને ધન્યતા અનુભાવેછે મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો ને દર્શન અને પ્રશાદ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવીછે

પાંચ દિવસ ચાલનારા કાર્તિકી મેળામાં લખો ભક્તો ભગવાન શામળિયા ના દર્શન કરી ધન્યતા અનુભવેછે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા પણ અવ્યવસ્થા ના થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે મેળા



દરમિયાન દર વર્ષની જેમ આ વષે પણ શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ત દ્વારા મેળામાં આવતાં ભક્તોની સુવિધા વ્યવસ્થા કરાઈ હતી.

શામળાજીનાં કાર્તિકી મેળાનો મોટો મહિમા હોઈ અરવલ્લી સાબરકાંઠા જીલ્લા ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના યાત્રાળુઓ પણ આ મેળામા ઉમટતા હોઈ આ મહીંનામ શામળાજી તીર્થભૂમિ યાત્રાળુઓથી સતત ઉભરાય છે. સ્થાનિકો માટે ..ખાસ અહીંના આદિવાસી ભાઈ બહેનો માટે આ લોકમેળો અદના ઉમંગ ઉત્સાહનો અવસર બની રહે છે. કાળિયા ઠાકર તેમનાં ઈષ્ટ દેવ હોઈ સ્થાનિકોમા આ મેળાનો અનોખો મહિમા છે. એક જમાનામાં ગવાતુ.. શામળાજીનાં મેળે રમઝણીયું... રે.. પેઝણીયું...બાજેનું લોકપ્રિય લોકગીત આજે ભલે ન ગવાતું હોય પણ આ મેળે એની સ્મૃતિ થયાં વીના રહેતી નથી. સ્થાનિકો આ દિવસોમાં પોતાના ખેતરે પકવતા આદું, લસણ, લીલી હળદર, શેરડી વગેરે લઈ અહી હાટડી માંડી વેચાણ કરવા આવે છે જેની ખરીદી શહેરીજનો અને મેળામાં આવતાં લોકો ખાસ કરે છે.